Friday
28.07.2023
✳Volume :8 ✳ Issue No.02
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

### રૂ. ૮૬૦ કરોડથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન કર્યું

# પ્રધાનમંત્રીએ ગુજરાતનાં રાજકોટમાં રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દેશને અર્પણ કર્યું

## જીવન જીવવાની સરળતા અને જીવનની ગુણવત્તા સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે



**"રાજકોટ સૌરાષ્ટ્રના ગ્રોથ એન્જિન તરીકે ઓળખાય છે"**

**"નવ-મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગ બંને સરકારની પ્રાથમિકતા છે"**

**"હું હંમેશાં રાજકોટનું ઋણ ચૂકવવાનો પ્રયત્ન કરું છું"**

**આજે આપણા પાડોશી દેશોમાં ફુગાવો ૨૫-૩૦ ટકાના દરે વધી રહ્યો છે, પરંતુ ભારતમાં આવું નથી"**








**"હવાઈ સેવાઓના વિસ્તરણથી ભારતના ઉડ્ડયન ક્ષેત્રને નવી ઊંચાઈઓ મળી છે"**

**"અમે 'સુશાસન'ની ગેરંટી લઈને આવ્યા હતા અને અમે તેને પૂર્ણ કરી રહ્યા છીએ"**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતનાં રાજકોટમાં રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને રૂ. ૮૬૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ વિકાસલક્ષીપ્રોજેક્ટનું લોકાર્પણકર્યું હતું. આ પ્રોજેક્ટ્સમાં સૌની યોજના લિંક ૩ પેકેજ ૮ અને ૯, દ્વારકા ગ્રામીણ પાણી પુરવઠા અને સ્વચ્છતા (આરડબલ્યુએસએસ)નું અપગ્રેડેશન, ઉપરકોટ કિલ્લાનાં પ્રથમ અને બીજા તબક્કાનુંસંરક્ષણ, જીર્ણોદ્ધારઅને વિકાસ સામેલ છે. વોટર ટ્રીટમેન્ટપ્લાન્ટ, સુએઝ ટ્રીટમેન્ટપ્લાન્ટ અને ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ. પ્રધાનમંત્રીએ નવા ઉદ્‌ઘાટન પામેલા રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગની વોકથ્રુ પણ લીધી હતી. પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, જનો દિવસ માત્ર રાજકોટ માટે જ નહીં, પણ સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ઘણો મોટો દિવસ છે. તેમણે ચક્રવાતઅને તાજેતરના પૂર જેવીવિસ્તારમાં કુદરતીઆફતોને કારણે નુકસાનસહન કરનારાલોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, સરકાર અને લોકોએ સાથે મળીને કટોકટીનો સામનો કર્યો છે તથા રાજ્ય સરકારની સહાયથી અસરગ્રસ્તોનું પુનર્વસન કરવામાં આવી રહ્યું છે એવી ખાતરી આપી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને દરેક શક્ય સહાય પૂરી પાડી રહી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે,



થવાથી આ વિસ્તારનાં ડઝનેક ગામડાઓને પીવા અને સિંચાઈ માટે પાણીનો પુરવઠો મળશે. પ્રધાનમંત્રીએ આજની વિકાસ પરિયોજનાઓ માટે રાજકોટની જનતાનેઅભિનંદન પાઠવ્યા

ઘટી રહ્યું છે એ વાત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ તાજેતરનાએક અહેવાલનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, છેલ્લાં પાંચવર્ષમાં ૧૩.૫ કરોડ નાગરિકો ગરીબીમાંથી બહાર

હતી. વર્ષ ૨૦૧૪માં માત્ર ૪ શહેરોમાં મેટ્રો નેટવર્ક હતું, આજે મેટ્રો નેટવર્ક ભારતના ૨૦થી વધુ શહેરોમાં પહોંચી ગયુંછે. વંદેભારત જેવીઆધુનિક ટ્રેનો ૨૫ રૂટ પર દોડી રહી છે. આ

રિટર્ન્સ ટૂંકા ગાળામાં સીધા બેંક ખાતાઓમાં ટ્રાન્સફર થઈ જાય છે. આવાસનાં મહત્ત્વ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "અમે ગરીબોની મકાનનીજરૂરિયાતોનું ધ્યાન રાખ્યું છે અને મધ્યમ વર્ગનાં મકાનનું સ્વપ્નપણ પૂર્ણ કર્યું છે." તેમણેમધ્યમ વર્ગ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૧૮લાખ સુધીનીવિશેષ સબસિડીનો ઉલ્લેખ કર્યોહતો. ગુજરાતમાં૬૦હજાર સહિત ૬ લાખથી વધુ પરિવારોને લાભ થયોછે, એમતેમણે માહિતીઆપીહતી. પ્રધાનમંત્રીએ આવાસના નામે થયેલી છેતરપિંડીનો ઉલ્લેખ કર્યો હતો અને ઉલ્લેખ કર્યો હતો કે કાયદાની

ભારપૂર્વક જણાવ્યુંહતુંકે, સરકાર ગરીબો અને મધ્યમ વર્ગનાં ખર્ચમાં બચત કરવાની સાથે-સાથે મધ્યમ વર્ગનાં

કિંમત ૩૦૦ રૂપિયા હતી. આજે દર મહિને વ્યક્તિ દીઠ સરેરાશ ૨૦ જીબી ડેટાનો ઉપયોગથાય છે. આના પરિણામે એક સરેરાશ નાગરિકને દર મહિને ૫૦૦૦ રૂપિયાથીવધુની બચતથઈ છે, એમ તેમણે જણાવ્યું હતું. જન ઔષધિ કેન્દ્રો વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, જે લોકોએ નિયમિત દવાઓ લેવી જોઈએ, તેમના માટે આ આશીર્વાદરૂપછે. તેમણેજાણકારીઆપી હતીકે, આ કેન્દ્રોએ ગરીબોઅને મધ્યમ વર્ગનાં રૂ. ૨૦,૦૦૦ કરોડની બચત કરવામાં મદદ કરી છે. "ગરીબો અને મધ્યમ વર્ગમાટે સંવેદનશીલસરકાર આ રીતે કામ કરે છે." તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતુ કે, ગુજરાત અને સૌરાષ્ટ્રના વિકાસ માટે સરકાર સંપૂર્ણ સંવેદનશીલતાસાથે કામકરી રહી છે. તેમણે સૌની યોજનાથીઆ પ્રદેશની પાણીની પરિસ્થિતિમાં આવેલા પરિવર્તનનો ઉલ્લેખ કર્યો. સૌરાષ્ટ્રના ડઝનબંધ ડેમોઅને હજારોચેકડેમો આજે







હવે રાજકોટ સૌરાષ્ટ્રના ગ્રોથ એન્જિન તરીકે ઓળખાયછે. તેમણેજણાવ્યું હતું કે, ઉદ્યોગ, સંસ્કૃતિ અને ખાણીપીણી હોવા છતાં આંતરરાષ્ટ્રીયએરપોર્ટની જરૂરિયાત અનુભવાઈહતી, જેઆજે પૂર્ણ થઈ છે. પ્રધાનમંત્રીએ યાદ કર્યું હતું કે, રાજકોટે તેમને પ્રથમવખત ધારાસભ્ય તરીકે પસંદ કર્યાછે અનેકહ્યું હતુંકે, આ શહેરે તેમને ઘણું શીખવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, "રાજકોટનું દેવું હંમેશાં રહે છે અને હું હંમેશા તેને ઘટાડવાનો પ્રયાસ કરું છું." પ્રધાનમંત્રીએ આજે ઉદ્‌ઘાટન કરેલા એરપોર્ટનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, પ્રવાસનીસરળતા ઉપરાંત આ વિસ્તારનાં ઉદ્યોગોને એરપોર્ટથી ઘણો લાભ થશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, રાજકોટે 'મિની જાપાન'નું વિઝન સાકાર કર્યું છે, જેને તેમણે નવા મુખ્યમંત્રી તરીકે જોયું હતું. તેમણે જણાવ્યું હતુંકે, એરપોર્ટનાં આકારમાં રાજકોટને એક પાવરહાઉસ મળ્યું છે જે તેને નવી ઊર્જા અને ઉડાન આપશે. આજે જે અંતર્ગત વિવિધ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન થયું છે તે સૌની યોજના વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિવિધ પ્રોજેક્ટ પૂર્ણ

હતા. પ્રધાનમંત્રીએ છેલ્લાં ૯વર્ષમાં કહ્યું હતુંકે, કેન્દ્રસરકારે દરેક સામાજિક વર્ગ અને ક્ષેત્રનાંજીવનને સરળબનાવવા કામ કર્યું છે. પ્રધાનમંત્રીએકહ્યું હતુંકે, "અમે 'સુશાસન'ની ખાતરીઆપીછે અને અમે આજે પણ તેને પૂર્ણ કરી રહ્યા છીએ." પ્રધાનમંત્રીએ કહ્યુંહતું કે, "ગરીબો હોય,



દલિતો હોય, આદિવાસીઓ હોય કે પછાત વર્ગ હોય, અમે હંમેશા તેમના જીવનને સુધારવા માટે કામ કર્યું છે." દેશમાં ગરીબીનું સ્તર ખૂબ જ ઝડપથી

આવ્યાં છે અને તેમણે કહ્યું હતું કે, આ લોકો દેશમાં નિયો-મિડલ ક્લાસ તરીકે ઉભરી રહ્યાંછે. એટલેપ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, નિયો-મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગ એમબંને સરકારનીપ્રાથમિકતા છે, જેમાં સંપૂર્ણ મધ્યમ વર્ગ સામેલ છે. પ્રધાનમંત્રીએ મધ્યમવર્ગની કનેક્ટિવિટી વિશે ભૂતકાળની લાંબા સમયથી પડતર માંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે કનેક્ટિવિટી સુધારવા માટે છેલ્લાં ૯ વર્ષમાં લેવાયેલા પગલાંની યાદી આપી

સમયગાળા દરમિયાન વર્ષ ૨૦૧૪માં એરપોર્ટની સંખ્યા ૭૦થી બમણી થઈ ગઈછે. પ્રધાનમંત્રીએકહ્યુંહતુંકે, "હવાઈ સેવાઓનાં વિસ્તરણથીભારતનાં ઉડ્ડયન ક્ષેત્રને નવીઊંચાઈઓમળીછે. ભારતીય કંપનીઓ કરોડો રૂપિયાના વિમાનો ખરીદી રહી છે." તેમણે એવી પણ માહિતી આપીહતી કે ગુજરાત એરક્રાફ્ટ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતુંકે, "જીવનની સરળતા અને જીવનની ગુણવત્તા સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે." ભૂતકાળમાં લોકોને પડતી અસુવિધાઓને યાદકરીને પ્રધાનમંત્રીએ હોસ્પિટલોઅને યુટિલિટીપેમેન્ટ સેન્ટરો પર લાંબી કતારો, વીમા અને પેન્શનને લગતીસમસ્યાઓ તથા કરવેરામાં રિટર્ન ફાઈલ કરવામાં પડતી મુશ્કેલીઓનો ઉલ્લેખ કર્યોહતો. તેમણેવધુમાં જણાવ્યું હતું કે આ તમામ મુદ્દાઓને ડિજિટલ ઈન્ડિયા અભિયાન દ્વારા હલ કરવામાં આવ્યા છે. તેમણે ટેક્સ રિટર્ન માટે મોબાઈલ બેંકિંગ અને ઓનલાઈન ફાઈલિંગની સરળતાનો ઉલ્લેખકર્યોહતો તથા એ વાત પર ભાર મૂક્યો હતો કે,

ગેરહાજરીને કારણેઅગાઉની સરકારો દરમિયાન ઘણાવર્ષોસુધીઘરનો કબજો આપવામાં આવ્યોન હતો. તેમણે વધુમાં ઉમેર્યુંહતું કે, હાલની સરકારેજ રેરાનો કાયદો ઘડ્યો હતોઅને લોકોના હિતોનું રક્ષણ કર્યુંહતું. તેમણેઉમેર્યું હતુંકે, "આજે રેરાનો કાયદો લાખો લોકોનેતેમના નાણાં લૂંટતાઅટકાવી રહ્યોછે." પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ફુગાવાનો દર ૧૦ટકાને આંબી ગયોહતો. તેમણે કહ્યું કે વર્તમાન સરકારે રોગચાળો અને યુદ્ધ છતાં ફુગાવાને નિયંત્રણમાં રાખ્યો છે. આજે આપણા પાડોશીદેશોમાં ફુગાવો ૨૫-૩૦ટકાના દરે વધી રહ્યોછે. પરંતુ ભારતમાં આવું નથી. અમે સંપૂર્ણ સંવેદનશીલતા સાથે ફુગાવાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને ભવિષ્યમાં પણ તેમ કરવાનુંચાલુ રાખીશું, એમતેમણે જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ

ખિસ્સામાંમહત્તમબચત સુનિશ્ચિત પણ કરી રહી છે. તેમણે ઉલ્લેખ કર્યો કે ૯ વર્ષ પહેલા ૨ લાખ રૂપિયાની વાર્ષિક આવક પર ટેક્સ લાગતો હતો, પરંતુ આજે ૭ લાખ રૂપિયા સુધીની કમાણી કરનારાઓએ ઝીરોટેક્સ ભરવોપડે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતુંકે, "રૂ.૭ લાખની આવક પર કોઈ વેરો નથી." તેમણે નોંધ્યું હતું કે, તેનાથી શહેરોમાં રહેતાં મધ્યમ વર્ગનાં પરિવારો માટે દર વર્ષે હજારો રૂપિયાની બચત થાય છે. તેમણે નાની બચત પર ઉંચા વ્યાજની ચુકવણી અને ઈપીએફઓપર ૮.૨૫ ટકાવ્યાજ નક્કી કરવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ મોબાઈલફોનના ઉપયોગ ખર્ચનું ઉદાહરણ આપ્યું હતું અને સમજાવ્યું હતું કે, નીતિઓ કેવી રીતે નાગરિકો માટે નાણાંની બચત કરે છે. તેમણે કહ્યુંકે ૨૦૧૪માં ૧જીબી ડેટાની

પાણીનાસ્રોતબનીગયાછે. હર ઘર જલ યોજના હેઠળ ગુજરાતમાં કરોડો પરિવારોને હવે નળનું પાણી મળી રહ્યું છે."

સંબોધનના સમાપનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યુંહતું કે, શાસનનું આ મોડલ છેલ્લાં ૯ વર્ષમાં વિકસાવવામાં આવ્યું છે, જે સમાજનાં દરેક વર્ગની જરૂરિયાતો અને આકાંક્ષાઓને વળગીરહે છે. "વિકસિત ભારતનું નિર્માણ કરવાની આ અમારી રીત છે. આપણે અમૃતકાલના સંકલ્પોને આજ રસ્તેચાલીને સાબિત કરવાના છે." આ પ્રસંગે ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, સાંસદ શ્રી સી આર પાટીલ, ગુજરાત સરકાર અને ગુજરાત વિધાન સભાનાં મંત્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## તંત્રી સ્થાનેથી......

ટેલિકોમ રેગ્યુલેટરીઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)એ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા રિપીલિંગ રેગ્યુલેશન્સ, ૨૦૨૩ (૨૦૨૩ના૦૨) ને ૨૫ જુલાઈ, ૨૦૨૩ ના રોજ જારી કર્યા હતા, જેથીડાયલ-અપઅને લીઝ્ડ લાઈન ઈન્ટરનેટ એક્સેસસર્વિસ, ૨૦01 (૨૦01 ની ૪) ની સેવાની ગુણવત્તા પરના નિયમનને સત્તાવાર ગેઝેટમાંતેની સૂચનાની તારીખથી અમલમાંમૂકવામાં આવ્યુંછે. ટ્રાઈએ ૧૦ડિસેમ્બર, ૨૦૦૧નારોજ ડાયલ-અપ અને લીઝ્ડ લાઈન ઈન્ટરનેટ એક્સેસ સર્વિસ, ૨૦01 (૨૦૦૧ના૪)ની સેવાની ગુણવત્તા અંગેના નિયમનને સૂચિત કર્યું હતું. આ નિયમન તમામ બેઝિક સર્વિસ ઓપરેટર્સ અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને લાગુ પડતું હતું, જેમાં હાલના ઓપરેટર્સનો પણ સમાવેશ થાય છે. એટલે કે. બીએસએનએલ, એમટીએનએલ અને વીએસએનએલ. ક્વોલિટી ઓફ સર્વિસ પેરામીટર્સ નક્કીકરવાનો હેતુ નેટવર્કની કામગીરીના માપદંડો નક્કીકરીને ગ્રાહકોના સંતોષને સુનિશ્ચિત કરવાનો હતો, જે સર્વિસ પ્રોવાઈડરે તેના નેટવર્કના યોગ્ય પરિમાણદ્વારા હાંસલ કરવું જરૂરી છે. સમયાંતરેસેવાની ગુણવત્તાને માપવી અને તેની ચોક્કસ માપદંડો સાથે સરખામણી કરવી જેથી વિવિધ સેવાપ્રદાતાઓ દ્વારાપૂરી પાડવામાંઆવતી કામગીરીના સ્તરનું નિરીક્ષણ કરી શકાય અને ઈન્ટરનેટ સેવાના ગ્રાહકોનાહિતોનું રક્ષણ કરી શકાય. આ નિયમોત્યારે જારીકરવામાં આવ્યાહતા જ્યારે ડાયલ અપ સેવા એ જ એકમાત્ર સેવાહતી જે ઓછી ગતિના ઈન્ટરનેટને એક્સેસકરવા માટે ઉપલબ્ધ હતી. સમય ની સાથે, ટેલિકમ્યુનિકેશન નેટવર્ક્સ, બંને વાયરલાઈન તેમજ વાયરલેસ, xDSL, FTTH, LTE અને 5G વગેરે ટેકનોલોજી પર હાઈ સ્પીડબ્રોડબેન્ડ સેવાપ્રદાન કરવામાટે વિકસિત થયા છે. લીઝ્ડ લાઈન એક્સેસસેવાઓ સામાન્ય રીતે ઈન્ટરનેટ ગેટવે સર્વિસ પ્રોવાઈડર્સ (આઈજીએસપી) દ્વારા ઓફર કરવામાંઆવે છે, જે સાહસોને આઈએસપીલાઈસન્સ ધરાવેછે, જે સર્વિસલેવલ એગ્રીમેન્ટ (એસએલએ) આધારિત સેવા છે. એસએલએ આધારિત સેવા હોવાને કારણે કરાર કરનાર પક્ષો વચ્ચેના કરારમાં સેવાની ગુણવત્તા અંગેની ચિંતાઓનુંરક્ષણ કરવામાટે પર્યાપ્ત જોગવાઈઓ છે. આથી, ડાયલ-અપ અને લીઝ્ડ લાઈન ઈન્ટરનેટ એક્સેસ સર્વિસ, ૨૦01ની સેવાની ગુણવત્તાપરનું નિયમન, હાલના સંદર્ભમાંવધુ સુસંગત હોવાનું જણાતું નથી. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાંરાખીને, અગાઉ ઓથોરિટીએ ૦૩ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા રિપીલિંગ રેગ્યુલેશન્સ, ૨૦૨૩નો ડ્રાફ્ટ જારી કર્યો હતો, જેમાં ૧૭ એપ્રિલ, ૨૦૨૩ સુધી હિતધારકોની ટિપ્પણીઓ મંગાવવામાં આવી હતી. હિતધારકોની ટિપ્પણીઓને આધારે અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ (ઈઓડીબી)ના પાસાને ધ્યાનમાં રાખીને ઓથોરિટીએ સત્તાવાર ગેઝેટમાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા રિપીલિંગ રેગ્યુલેશન્સ, ૨૦૨૩ (૨૦૨૩નો૦૨) ની તારીખથી અમલમાંઆવે તેરીતે ડાયલ-અપ અને લીઝ્ડ લાઈન ઈન્ટરનેટ એક્સેસસર્વિસ, ૨૦01 (૨૦01નો ૪) ની સેવાની ગુણવત્તા પરના નિયમનને રદકરવાનો નિર્ણય લીધો છે.

# સૈન્યના જવાનોમાં દેશપ્રેમનો નશો હોય છે માટે જ સીમાઓ સુરક્ષિત છે: શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા





કમલમ્ન્યુઝ,મયુર પટેલ

દેશની સરહદો પર તૈનાત જવાનો સત્તા કે સંપતિની નહીં પણ આપણી સુરક્ષાની ચિંતા કરે છે. સૈન્યના જવાનોમાંદેશપ્રેમનો નશો હોય છે માટે જ આપણા દેશની સીમાઓ સુરક્ષિત છે એમ રાજ્યના શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું. જય જવાન નાગરિક સમિતિ સુરત દ્વારા કારગિલ વિજય દિવસ નિમિત્તો વરાછાના સરદાર પટેલ સ્મૃતિ ભવનખાતે શહિદ થયેલાજવાનોના પરિવારો માટે યોજાયેલ સન્માન સમારોહમાં ઉપસ્થિત મેદનીને સંબોધતા શિક્ષણ રાજ્યમંત્રીએ જણાવ્યું હતુંકે, આપણે જ્યાંછીએ ત્યાં દેશના હિતમાં આપણું કર્તવ્ય નિભાવીએ પણ સૈનિકનું કામ છે. પરાક્રમી વૃતિના યુવાનો બનીએ એટલે કે, કોઈને મારવુ કે જગડવું નહી પણ સારા અધિકારી, સારો પોલીસ અને સારો નાગરિક બનવું આ પણ સૈનિકની ભૂમિકા છે. યુવાઓમાં રાષ્ટ્ર અને સમાજના હિત માટે મૂલ્યનિષ્ઠતા અને સત્ય જીવનનો એક રાહ હોવો જોઈએ એમશ્રી મંત્રીશ્રી જણાવ્યું હતું. DRDO ના પૂર્વડીરેક્ટર જનરલ અને બ્રહ્મોસએરોસ્પેસના એમ.ડી. ડૉ. સુધીર કે. મિશ્રાએ મિસાઈલ અને ડિફેન્સટેકનોલોજીની માહિતી આપતા જણાવ્યું હતુ કે, સમગ્ર દુનિયામાં ડીફેન્સ ટેકનોલોજીમાં ભારત અગ્રેસર થઈ રહ્યું છે. મિસાઈલ સહિત હથિયારોની નિકાસથી ભારત વધુ શક્તિશાળી બનીને ઉભરીરહ્યુંછે.

ભારતને સશક્ત દેશ બનાવવા સર્જનાત્મક કાર્યમાં આગળ વધવાની જરૂર છે. મારા અત્યાર સુધીના જીવનકાળ દરમિયાન જે જોશ સુરતીઓમાં જોવામળેછે તેબીજે ક્યાંજોવાનથી મળતો. દેશની સુરક્ષામાં ડીઆરડીઓની મોટી ભૂમિકા રહેલી છે. નોંધનીય છેકે, કારગીલ વિજય દિવસે જય જવાન નાગરિક સમિતિ સુરત દ્વારા ૨૪માંકારગિલ દિવસે કુલ ૧૮ પરિવારોને ૩૪ લાખની સહાય અર્પણ કરાઈ. જેમાંથી ૭ શહીદ જવાનોના પરિવારોને સન્માન સાથે આર્થિક સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.આ સાથે જેમના પુત્રો આર્મીમાં છે તેવા ૩ માતાપિતાને અભિવાદન કરાર્યું હતું. ત્રણેય દિકરીઓને કુસ્તીમાં રાષ્ટ્રીય ચેમ્પિયનબનાવનાર માતાપિતાનું સન્માન કરાયું હતું. આ સમારોહમાં લેફ. કર્નલ મુકેશ રાઠોડ, બ્રિગેડીયર બી.એસ. મહેતા અને ઈન્ડિયન આર્મી ઓફિસર મીરા સિદ્ધાર્થ દવે, સારથી ફાઉન્ડેશનના સંચાલક અને CRPF.નાશહીદ ડી.આઈ.જી. શૈલેન્દ્રસિંઘના પત્ની ડૉ.સંજુ સિંઘ શૈલેન્દ્ર, લેફ. કર્નલ મુકેશ રાઠોડ, બ્રિગેડીયર બી.એસ. મહેતા, ઈન્ડિયા આર્મી ઓફિસર કેપ્ટન મીરા સિદ્ધાર્થ દવે, સામાજીક અગ્રણીઓ શૈલેષભાઈ લુખી, જંયતીભાઈ નારોલા, મનહરભાઈ સાસપરા, દિનેશભાઈ સાસપરા, રમણીક ઝાપડીયા, સવજીભાઈ વેકરીયા, હરીભાઈ કથીરિયા, સુરેશભાઈ પટેલ સહિત રાષ્ટ્રપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વર ની જીનવાલા હાઈસ્કુલ કમ્પાઉન્ડ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

### ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ સહીત ના મહાનુભાવો ના હસ્તે વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો



કમલમ્ ન્યુઝ, નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર ની જીનવાલા હાઈસ્કૂલ ના પટાંગણ ખાતે ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ની અધ્યક્ષતા હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયોહતો જેમાં ઉપસ્થિત મહાનુભાવોઅને વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું હતું. સ્વામી વિવેકાનંદ ગુજરાતરાજ્ય યુવાબોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ વન્ અંતર્ગત અંકલેશ્વર ની જીનવાલા હાઈસ્કૂલ ના પટાંગણ ખાતે ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ની અધ્યક્ષતા હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમ માં ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ,તાલુકા પંચાયત ના પ્રમુખ અરવિંદ પટેલ ,નગર પાલિકા ના પ્રમુખ વિનય વસાવા ,તાલુકા ભાજપ પ્રમુખ નિતેન્દ્ર દેવધરા પાલિકા ની માધ્યમિક શિક્ષણ સમિતિ ના ચેરમેન કિંજલબેન ચૌહાણ ના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ તેમજ શ્રી ઠાકોરભાઈપટેલ આર્ટસઅને કોમર્સ કોલેજ આચાર્યશ્રી ડૉ.કે.એસ.ચાવડા તથા જીનવાલા હાઈસ્કુલના આચાર્યશ્રી ઈશ્વરભાઈ પરમાર, સહીત અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓ હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતું અંદાજિત ૩૦ જેટલાવધુવૃક્ષો નું વાવેતર કર્યું હતું.

# કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ૧૯.૭૫ લાખ રોપાઓનું વિતરણ કરાયું

### કચ્છ જિલ્લામાં વૃક્ષરથના માધ્યમથી વન વિભાગ ગામડે ગામડે પહોંચાડી રહ્યો છે ઉત્તમ પ્રકારના રોપાઓ




### લોકોને વધારેમાં વધારે વૃક્ષો વાવીને તેનો ઉછેર કરવા વન વિભાગ દ્વારા કરાયો અનુરોધ

કમલમ્ ન્યુઝ,ભુજ,

ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેન્ટ ચેન્જ વગેરેની પડકારજનક પરિસ્થિતિના સમાધાન માટે મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવું ખૂબ જ જરૂરી છે. વાતાવરણમાં CO2 નાપ્રમાણનું સમતોલન જાળવવા માટે વૃક્ષારોપણ શ્રેષ્ઠ ઉપાય છે. ગુજરાતના વનવિભાગ દ્વારા જંગલ વિસ્તારની બહાર વધુમાંવધુ લોકો વૃક્ષારોપણ પ્રવૃતિમાંજોડાય તથાવૃક્ષારોપણ બાદ વૃક્ષનો ઉછેર કરે તે માટે અનેક લોકજાગૃતિની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહીછે. કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગદ્વારા તમામ તાલુકા મથકોએ નર્સરીમાંરોપ ઉછેરની પ્રવૃતિ હાથધરવામાં આવી રહી છે. લોકોને સરકારી રાહતદરે તેમજ કેટલીક યોજના હેઠળ વિનામૂલ્યે રોપ વિતરણ કરવામાં આવીરહ્યું છે. આ વર્ષેરોપ વિતરણની પ્રવૃતિને વધુ વેગ મળે તેવા વિશિષ્ટ અભિગમ થકી 'વૃક્ષરથ' મારફતે લોકોને ગામો – ગામ વન વિભાગ દ્વારા રોપા પહોંચાડવાની વ્યવસ્થા વન વિભાગ દ્વારા કરવામાંઆવી છે. આ પ્રોજેકટમાંનખત્રાણા તાલુકામાંવિવિઆના પાવરટેક લી. કંપની, ભુજ તાલુકામાંબી.કે.ટી કંપની (પધ્ધર), દયાપર તાલુકામાં અદાણી ફાઉન્ડેશન કંપની તથાભગવતી ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ તથા અલ્ટ્રાટેક કંપની, રાપર તાલુકામાં ભારત વિકાસ પરીષદ તથા પછાત મિત્રમંડળ તથા વસુંધરા ટ્રસ્ટ અને મુંદરા તાલુકામાં અદાણી ફાઉન્ડેશન કંપની સંસ્થાઓ દ્વારા વિશેષ સહયોગવનવિભાગને આપવામાં આવ્યો છે. આ સહયોગ થકીવનવિભાગ દ્વારા ઉત્તમ પ્રકારનારોપા કચ્છ જિલ્લાના ૧૦ તાલુકાના ૧૯૨ જેટલા ગામડાઓમાં 'વૃક્ષરથ'ના માધ્યમથી પહોંચાડવામાં આવ્યા છે. ગામડાઓની શેરીઓમાં જઈને ઘર-ઘર સુધી રોપાઓનું વિતરણ કરવામાંઆવ્યુંતેમજ તેનો ઉછેર કરીપ્રકૃતિના જતનનું મહત્વ લોકોને સમજાવવામાં આવ્યું હતું. અંતરિયાળગામડાના જે લોકો તાલુકા મથકની નર્સરી સુધી પંહોચી શકે તેમ ન હોય તેમને ઘર આંગણે રોપા પહોંચાડવાના આ નવતર અભિગમને ખૂબ જ સફળતા મળી છે. જેમાં કચ્છ જિલ્લા આજદિન સુધીમાં ૪.૯૦ લાખ જેટલાં રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ખાતાકીય નર્સરીઓ ઉપરથી ૧૪.૮૫ લાખ રોપા લોકો મેળવી ચૂકયા છે. આમ અત્યારસુધીમાં કુલ ૧૯.૭૫ લાખ રોપાનુંવનવિભાગ દ્વારાવિતરણ કરવામાંઆવ્યું છે. વધુમાં સામાજિક વનીકરણ વિભાગની ખેડૂતલક્ષીયોજનાઓનો પણ લાભ લેવા વનવિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે. જો ખેડૂત પોતાના ખેતરમાં વૃક્ષોનું બ્લોક વાવેતર કે શેઢે પાળેવાવેતર કરવાઈચ્છે તોવનવિભાગ દ્વારા વિવિધ યોજનાઓનામારફતે લાભ આપવામાં આવીરહ્યોછે. જેમાં ખેડૂતને જીવંત રોપાની સંખ્યાને ધ્યાનમાં રાખીને સીધા બેંક ખાતામાં પૈસા જેમા કરી આપવામાંઆવે છે. અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ખેડૂત મિત્રો માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે જેનો લાભ લેવા માટે વનવિભાગદ્વારાઅનુરોધ કરાયોછે. કલાઈમેટ ચેન્જ સામેની લડત સાથે-સાથે લાકડા આધારીત ઉદ્યોગોને કાચોમાલ મળી રહે તે માટે વૃક્ષારોપણ ખૂબ જ જરૂરી છે. ગતવર્ષે વનવિભાગ દ્વારા પેપરમિલો, પલ્પ ઈન્ડસ્ટ્રી વગેરે ઉદ્યોગોના કાચામાલની જરૂરિયાતના પ્રશ્નોને ધ્યાને લઈ વનવિભાગની નર્સરીઓમાં કલોનલ નીલગીરીનો ઉછેર કરવામાં આવી રહ્યો છે. ભુજની મોચીરાઈ ખાતે આવેલી નર્સરીમાંથી ખેડૂતો કલોનલ નીલગીરીના રોપામેળવી શકેછે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં નીલગીરી લાકડાની કુલ જરૂરિયાત જેટલું લાકડું મળી શકતું ન હોવાથી અન્ય રાજ્યમાંથી લાકડાનીઆયાત કરવાનીફરજ પડેછે. પર્યાવરણ માટે તેમજ આવનારી પેઢી માટે વનવિભાગની વિવિધ યોજનાઓનો લાભ લેવા સામાજિક વનીકરણ વિભાગના તાલુકાકક્ષાની રેન્જ કચેરીઓનો સંપર્ક કરવા નાયબ વન સંરક્ષક સામાજિક વનીકરણ શ્રી હરેશ મકવાણાની અખબારીયાદીમાંજણાવાયું છે.

# નર્મદા,વડોદરા,ભરૂચ અને છોટાઉદેપુર ના ચૂંટાયેલા ભાજપ ના સભ્યો આ અભ્યાસ વર્ગ માં ભાગ લેશે

### ૨૯ અને ૩૦ જુલાઈ દરમ્યાન પોઇચા મંદિર ખાતે ૪ જિલ્લાના જિલ્લા પંચાયત ના ભાજપ ના ચૂંટાયેલા સભ્યો નો અભ્યાસ વર્ગ યોજાશે

### ગુજરાત પ્રદેશે નક્કી કરેલ વક્તાઓ આ અભ્યાસવર્ગ માં સભ્યો ને માર્ગદર્શન કરશે



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ગુજરાત પ્રદેશભાજપ દ્વારા જિલ્લાપંચાયત નાચૂંટાયેલા સભ્યો નો અભ્યાસ વર્ગ નું આયોજન કરવામાં આવ્યું છે.ગુજરાત ના ૭ જિલ્લાઓમાં ૨૯ જુલાઈ થી અલગ અલગ તારીખો એ૧ દિવસ નોઅભ્યાસ વર્ગરાખવામાં આવ્યો છે.જે સંદર્ભે નર્મદા જિલ્લાના નીલકંઠ ધામ પોઈચા મંદીર ખાતે નર્મદા,વડોદરા,ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લા પંચાયત ના ભાજપ ના ચૂંટાયેલા સભ્યો નો અભ્યાસ વર્ગયોજાવા જઈરહ્યોછે. નર્મદા જિલ્લાના અભ્યાસવર્ગ ના સ્થળ પસંદગી માટે નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલે પ્રદેશ ભાજપનીટિમ નું ધ્યાન દોર્યું હતું.જિલ્લા યોજાનાર ૪ જિલ્લાના જિલ્લા પંચાયત ના સભ્યો ના અભ્યાસવર્ગની વ્યવસ્થા નું માર્ગદર્શન જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ દ્વારા કરવામાં આવી રહ્યુ છે.જ્યારે અભ્યાસવર્ગની જવાબદારી રવિ દેશમુખ,ઝોન ની જવાબદારી નર્મદા જિલ્લા ભાજપ મહામંત્રી નિલ રાવ અને શહેર ભાજપ મહામંત્રી અજિતપરીખ સોંપવામાં આવી છે.અભ્યાસ વર્ગ માં બે દિવસ માં ૭ સત્રો રાખવામાં આવ્યા છે જેમાં ભાજપ એ કરેલા કાર્યો,જનસંઘથી ભાજપેકેવી રીતે કામ કર્યુંતે વિશેની માહિતી,ભાજપ ની પંચનિષ્ઠા વિશે એક સત્ર રાખવામાં આવ્યુ છે.અભ્યાસ વર્ગમાં અલગ અલગ સત્ર માં ગુજરાત પ્રદેશ દ્વારા નક્કી કરેલ વક્તાઓ બે દિવસ દરમ્યાન પોઈચા મંદિર ખાતે આવશે અને જિલ્લા પંચાયત ના ભાજપ ના ચૂંટાયેલા સભ્યોને માર્ગદર્શન પૂરું પાડશે.આ બે દિવસ દરમ્યાન અભ્યાસ વર્ગ માંથી ૪ જિલ્લા પંચાયત ના ચૂંટાયેલા ભાજપના સભ્યોએરાત્રી રોકાણ પણ કરવાનું આયોજન પોઈચા મંદિર ખાતે કરવામાંઆવ્યુંછે.નર્મદા જિલ્લાના હેડક્વાર્ટર રાજપીપલાસર્કિટ હાઉસ ખાતે વ્યવસ્થાપનની એકબેઠક પણ રવિદેશમુખ,નિલ રાવઅને અજિત પરીખ ની અધ્યક્ષતા માં યોજાઈ હતી.નર્મદા જિલ્લા ભાજપ ના કાર્યકર્તાઓને અલગ અલગ સમિતિની રચનાકરી ને કામ સોંપી દેવામાંઆવ્યું છે.જેથી ૪ જિલ્લાના જિલ્લા પંચાયત ના આવનાર સભ્યો ને કોઈ તકલીફ ન પડે તેની ખાસ કાળજી પણ રાખવામાં આવશે.

# અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાં 'મિશન ઈન્દ્રધનુષ અભિયાન' હેઠળ રસીકરણ

### જન આરોગ્ય યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરી વિસ્તારો માટે નિયત માપદંડો ધરાવતા સામાજિક આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ



કમલમ્ન્યુઝ,ધાર્મિક ભટ્ટ

અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાં મિશન ઈન્દ્રધનુષ અભિયાન હેઠળરસીકરણ કરવામાં આવ્યું.જે બાળકો રસીકરણથી વંચિત રહ્યા હોય તેવા અરવલ્લી જિલ્લાના તમામ બાળકોને રસીકરણ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. દેશનું ભવિષ્ય સમાન બાળકોને સુરક્ષિત કરવા માટે અને સગર્ભા માતાઓને બાર જેટલા રોગો સામે રક્ષણ આપવા વર્ષ ૨૦૧૪ થી મિશન ઈન્દ્રધનુષ અભિયાન હેઠળ કરવામાંઆવેછે. હાલ બાર જેટલા જીવલેણ રોગો સામે બાળકોને રક્ષણ આપવા દર વર્ષે સાર્વત્રિક રસીકરણ યોજના હેઠળઆવરી લેવામાંઆવે છે.ક્ષય, ડિપ્થેરિયા,ધનુર,પોલિયો, કમળો, ન્યુમોનિયા મગજનો તાવ, ઈન્ફ્લુએન્ઝા -ટાઈપ -બી, ઓરી,અછબડા જાપાનીઝ એનસીફેલાઈટીઝ, રોટા વાયરસ,ડાયરીયા જેવા રોગોથી બાળકોને બચાવવા માટે વિવિધ પ્રકારની જીવન રક્ષક રસી વિનામૂલ્ય આપવામાં આવે છે. ગુજરાત સરકારદ્વારા જન-જનના આરોગ્યની વિશેષ કાળજીનું આયોજન કરવામાં આવ્યું છે. નવજાત શિશુથી લઈને વરિષ્ઠ નાગરિક સુધીના તમામ લોકોને અધ્યતન આરોગ્ય સારવાર પૂરી પાડવાનું સઘન આયોજન થયું છે. જનની સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત પ્રસુતિ માટે તમામ પ્રકારના યોજનાકિય આયોજન કરવામાં આવી રહ્યાછે. વિનામૂલ્ય પ્રસુતિની સુવિધાઓથી લાભાર્થીઓને લાભ મળી રહ્યો છે.ત્યારબાદ શિશુની સલામતી માટે પૂરતી કાળજી લેવાઈ રહી છે. આમ ગુજરાત સરકારે આવતીકાલની પેઢીની ચિંતા કરી સ્વસ્થ બાળકના ધ્યેય સાથે સમગ્ર દેશમાં સર્વાંગીણ બાળ સશક્તિકરણની દિશામાં સમાજને જોડવાની પહેલ કરી છે.

# અંકલેશ્વર ની એસેન્ટ સ્કૂલ ખાતે તાલુકા કક્ષાના યુવા ઉત્સવ સ્પર્ધા નું આયોજન કરાયું

### ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલે યુવા ઉત્સવ સ્પર્ધા નું ઉદઘાટન કર્યું







કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર નીએસેન્ટ સ્કૂલ ખાતે તાલુકા કક્ષાના યુવા ઉત્સવ સ્પર્ધાનું આયોજન કરવામાંઆવ્યું હતું અંકલેશ્વર ના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ના હસ્તે યુવા ઉત્સવ સ્પર્ધા ને ખુલ્લી મુકવામાં આવી હતી જેમાં તાલુકા ની ૨૨ સ્કૂલ ના ૧૭૭ જેટલા વિદ્યાર્થીઓ એ વયજૂથ મુજબ ની કેટેગરી ની વિવિધ સ્પર્ધા માં ભાગ લીધો હતો કમિશ્નર યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવુતિઓ ગાંધીનગર દ્વારા આયોજીત તથાભરૂચ જિલ્લા યુવા વિકાસ અધિકારી ,અને જિલ્લા રમતગમત.કચેરીભરૂચ સંચાલીત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અંકલેશ્વર તાલુકા કક્ષાના યુવા ઉત્સવ સ્પર્ધા નું શહેર ની એસેન્ટ સ્કૂલ ખાતે આયોજન કરવામાંઆવ્યું હતું આયુવાઉત્સવ સ્પર્ધા નિમિત્તે અંકલેશ્વર ના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ ના હસ્તે દીપપ્રાગટ્યકરી યુવા ઉત્સવ સ્પર્ધા ને ખુલ્લી મૂકી હતી ,

આયુવા ઉત્સવસ્પર્ધામાં અ અને બ તેમજ ઓપન મળી ત્રણ વિભાગ રાખવામાં આવ્યા હતા જેમાં અ વિભાગ માં ૧૫ થી ૨૦ વર્ષ ની વય અને બ વિભાગ માં ૨૦ થી ૨૯ વર્ષ તેમજ ઓપન્ વિભાગ માં ૧૫ થી ૨૯ વર્ષ સુધીના સ્પર્ધકો નો સમાવેશ કરવામાં આવ્યો હતો આ સ્પર્ધા માં સાહિત્ય ,કલાઅને ,સાંસ્કૃતિક વિભાગ માં સમાવેશ કરવામાં આવેલ ૧૫ જેટલી અલગ અલગ સ્પર્ધા યોજાય હતી જેમાંતાલુકા ની ૨૨ સ્કૂલ ના વિદ્યાર્થીઓ તેમજ અન્ય યુવાનો મળી ૧૯૦ થી વધુ સ્પર્ધકો એ ભાગ લીધો હતો .

આ પ્રસંગે અંકલેશ્વર ના મામલતદાર કરણસિંહ રાજપૂત ,તાલુકાપંચાયત નાપ્રમુખ અરવિંદ પટેલ .નગર પાલિકા ના પ્રમુખ વિનય વસાવા ,પ્રાંત યુવા વિકાસ અધિકારી સ્વાતીબેન ભોઈ સહીત શિક્ષકોઅને સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા



# નવસારી જિલ્લાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ખેરગામ ખાતે કરાશે

કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારી જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ખેરગામ ખાતે કરાશે. આ અંગે નવસારી કલેકટર કચેરીના સભાખંડમાં કલેકટરશ્રીઅમિતપ્રકાશ યાદવના અધ્યક્ષસ્થારને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના આયોજન અંગે બેઠક યોજાઈ હતી. જેમાં સમગ્ર કાર્યક્રમની સુઆયોજિત ઉજવણી માટે સંબંધિત અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપી જવાબદારીઓ સોંપવામાંઆવી હતી. આ બેઠકમાં કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના અસરકારક આયોજન માટે જે જવાબદારીઓ સોંપવામાંઆવી છે તેને સુપેરે નિભાવી ઉજવણીને સાર્થક કરવા અપીલ કરવામાંઆવી હતી. સ્વાતંત્ર્ય દિનનીપૂર્વ સંધ્યાએ નવસારી જિલ્લાનીતમામ સરકારી કચેરીઓમાં રોશની કરવામાં આવશે. તાલુકાકક્ષાના કાર્યક્રમોના આયોજન માટે જિલ્લા અને તાલુકાકક્ષાનીઆયોજન સમિતિની રચના કરવા સાથે નોડલ અધિકારીઓનીનિમણૂક કરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય,નિવાસી અધિક કલેકટરશ્રી કેતન જોશી સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાંસદશ્રી શારદાબેન પટેલનો માનવીય અભિગમ

## પાસપોર્ટ સેવા કેન્દ્ર અને આધાર સેવા કેન્દ્રમાં પડતી મુશ્કેલીઓ દુર કરવા અલગ ભવન નિર્માણ માટે સંચાર મંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરાઈ.

કમલમ્ ન્યુઝ,ડેવિડ પટેલ

મહેસાણા સંસદ સભ્ય શ્રીમતી શારદાબેન પટેલે જિલ્લાના નાગરિકોને પડતી મુશ્કેલીઓ માટે નાગરિકોની રજૂઆત પહેલાં હમેશાંતેનેદુર કરવાપહેલ કરીછે. સંવેદનશીલ સાંસદ શ્રીએ મહેસાણા જિલ્લા મુખ્ય પોસ્ટ ઓફિસમાંઆધાર કાર્ડઅને પાસપોર્ટ સેવા માટે આવતા નાગરિકો તેમજ તેમના પરીજનોની મુશ્કેલી દુર થાય તે માટે ભારત સરકારના રાજ્યસંચાર રાજ્ય મંત્રી શ્રીદેવુસિંહ ચૌહાણને અલગ ભવન બનાવવામાટે રૂબરૂ સંપર્ક કરી રજૂઆત કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે ,મહેસાણા મુખ્ય પોસ્ટ ઓફિસમાંઆધાર સેવા કેન્દ્ર અને પાસપોર્ટ સેવા કેન્દ્ર કાર્યરત છે. આ બંન્ને મહત્વના કેન્દ્રોહોવાથીજિલ્લાના નાગરિકોનો આ સેવાઓ માટે હમેશાં મોટી સંખ્યામાં ધસારો રહે છે. આ બંન્ને કેન્દ્રોપર નાગરિકોની સાથે તેમના પરીજનોમાં બાળકો,વડીલો પણ આવતા હોય છે જેથી તેઓને બેસવા, પાર્કિંગ તેમજ અન્યપ્રાથમિક સુવિધાઓમાટે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વધુમાં આધાર સંબંધી સેવાઓ માટે અનેક નાગરિકોનો ધસારો રહે છે, તેમજ તેની સાથેસાથે દૈનિક ૧૨૦ થી વધુ નાગરિકો પાસપોર્ટનીસેવાઓ માટેઆવતાહોય છે. સાંસદશ્રી શારદાબેન પટેલે માનવીય અભિગમસાથે સંચાર મંત્રીને રજૂઆતકરી છે કે, મહેસાણા મુખ્ય પોસ્ટ ઓફિસ રહેણાંક ક્ષેત્રમાં આવેલી છે તેમજ આ પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્ર, પાસપોર્ટ સેવા કેન્દ્ર, પોસ્ટ બેન્કીંગ સહિત મુખ્ય પોસ્ટ ઓફિસને કારણે અનેક નાગરિકોનો ધસારોરહે છે. આ ધસારાને કારણે નાગરિકોને સારી સુવિધાઓ આપવામાં મુશ્કેલી પડી રહી છે. મુખ્ય પોસ્ટ ઓફિસની નજીક પોસ્ટ કોલોની આવેલી છે. આ પોસ્ટ કોલોનીમાંજગ્યા પણઉપલબ્ધછે. જેથી આધાર સેવા કેન્દ્ર અને પાસપોર્ટ સેવા કેન્દ્રના ભવન નું પોસ્ટ કોલોનીમાં નિર્માણ કરવામાં આવે તો ગ્રાહકોને સારી સેવાઓ આપી શકાય. મહેસાણાના નાગરિકોને મુખ્ય પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ સેવાકેન્દ્રમાં સેવાઓસુલભ રીતે આપવા માટે પોસ્ટ કોલોનીમાં પાસપોર્ટ અને આધાર કેન્દ્રના અલગ ભવન નિર્માણ માટે રજૂઆત કરી હતી. ભારત સરકારના રાજ્ય સંચાર મંત્રી દેવુસિંહ ચૌહાણે સાંસદશ્રીની રજૂઆત સાંભળી આગામી સમયમાં તેના હકારાત્મક નિરાકરણ માટે ભરોસો આપ્યો હતો. રાજ્ય સંચાર મંત્રી દેવુસિંહ ચૌહાણે વ્યક્ત કરેલ હકારાત્મક અભિગમ બદલ શારદાબેન પટેલે તેમનો આભાર વ્યકત કર્યો હતો.



# વડોદરા સ્થિત કેન્દ્રીય વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ત્રણ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પત્રકાર પરિષદ યોજાઈ

## આર્મી કેમ્પસ સ્થિત કેન્દ્રીય વિદ્યાલય અને જવાહર નવોદયા વિદ્યાલયમાં ત્રણ વર્ષથી નવી શિક્ષણ નીતિથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાઈ રહ્યું છે

### નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો વડોદરાની બે શાળાઓમાં અમલ કરાઈ રહ્યો છે



વિદ્યાર્થીઓને કૌશલ્ય વર્ધક શિક્ષણ આપવામાં આપી તેમનો સર્વાંગી વિકાસ કરવામાં આવી રહ્યો છે

કમલમ્ ન્યુઝ,

ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું અમલીકરણ ૨૦૨૦માં કરવામાંઆવ્યું હતું. ત્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ત્રણ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ગુજરાતમાં ૪૮ જેટલી શાળાઓમાં ૪૮ લાખ જેટલા વિધાર્થીઓ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમુજબનું શિક્ષણ મેળવી રહ્યા છે.

કેન્દ્રીય વિધ્યાલયની પ્રાથમિકતા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની છે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિને કારણે શક્ય બન્યુ છે. વડોદરાની આર્મી કેમ્પસની કેન્દ્રીય વિદ્યાલય -૨ અને પાદરા સ્થિત જવાહરનવોદય વિદ્યાલયમાં નવીરાષ્ટ્રીય શિક્ષણ નીતિમુજબનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ત્યારે આજે વડોદરા સ્થિત કેન્દ્રીય વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ત્રણ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી.જેમાં નવી શિક્ષણ નીતિને કારણે શિક્ષણમાં આવેલ ફેરફાર વિશેની માહિતી આપવામાં આવી હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું અમલીકરણ ભારતનીઘણી શાળા કોલેજોમાં કરવામાં આવી રહ્યું છે.ત્યારે વડોદરા ખાતેનવીરાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણની ત્રણ વર્ષની સફળતા અને શિક્ષામાં થયેલ ફેરફારની માહિતી આપવા યોજાયેલ પત્રકાર પરિષદમાં કેન્દ્રીય વિદ્યાલયના પ્રિન્સિપાલ સુનિતા દિવાકર, જવાહર નવોદય વિદ્યાલયના પ્રિન્સિપાલ એસ. કે ડામોર, સહિત કેન્દ્રીય વિદ્યાલય નં ૧ નાપ્રિન્સીપાલ એલ.આર.ઠાકન ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલિકરણથીબાળકોની શિક્ષામાં થયેલ બદલાવવિશેજાણકારી આપી હતી. નવી નીતિ ભારતને એક વાઈબ્રન્ટ નોલેજ સોસાયટી અને વૈશ્વિક જ્ઞાન મહાસત્તામાં રૂપાંતરિત કરવા માટે જરૂરી છે. વિદ્યાર્થીઓને રોટ લર્નિંગને બદલે આલોચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહીત કરીને તેમનો સર્વાંગી વિકાસ કરે છે. વિધાર્થીઓમાં સમજણ અને સંખ્યા સાથે વાંચનમાં નિપુણતા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પહેલ કરાઈ છે. શાળાઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નો યાવસાયિક વિષય સમાવેશ કરવામાં આવેલ છે સાથે પ્રી- વોકેશનલ કૌશલ્યો જેમ કે સુથારીકામ, ઈલેક્ટ્રિશિયન, માટીકામ સહિતના વિષયોને સમાવિષ્ટ કરવામાં આવેલા છે. વિદ્યાર્થીઓને શિક્ષણ માટે ડેસ્કટોપ/ લેપટોપ/ ટેબ્લેટ. ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને Wi- Fi નેટવર્ક ઉપલબ્ધ કરાવવામાં આવ્યુ છે.

# ભાવનગર ખાતે 'નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦'નાં ત્રણ વર્ષ પૂર્ણ થવાના અવસરે પત્રકાર પરિષદ યોજાઈ

## નવી શિક્ષણ નીતિ દ્વારા બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ થશે : જવાહર નવોદય વિદ્યાલયના શિક્ષક શ્રી શૈલેષ ગાયકવાડ



નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ થકી બાળકોનો સર્વાંગી વિકાસ થશે : કેન્દ્રીય વિદ્યાલય આચાર્ય શ્રી રજનીકાંત સુતરીયા

### નવી શિક્ષણ નીતિ થકી ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં વિષય પસંદગીની સુગમતા રહેશે : સિલ્વરબેલ શાળાના આચાર્યશ્રી ચક્રપાણી એસ્ટરેલા

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય વિદ્યાલય, ભાવનગર ખાતે નવીશિક્ષણ નીતિ-૨૦૨૦નાં ત્રણ વર્ષ પૂર્ણ થવાના અવસરે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં નવી શિક્ષણ નીતિ અમલમાં આવ્યાને ત્રણ વર્ષ થવા પરસરકારશ્રી દ્વારા કરવામાં આવેલ કામગીરી અને નવી નીતિથી ગુણવત્તાયુક્ત શિક્ષણને સુનિશ્ચિત કરવાપર ભાર મુકવામાંઆવ્યો છે એ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે કેન્દ્રીય વિદ્યાલય આચાર્યશ્રી રજનીકાંત સુતરીયાએ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦અંગે પૂરીમાહિતી આપીને જણાવ્યું હતું કે નવી શિક્ષણ નીતિ થકી બાળકોનો સર્વાંગી વિકાસ થશે. ૨૧મી સદીની જરૂરિયાતોને અનુરૂપશિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન આવેલ છે. જવાહર નવોદય વિદ્યાલયના શિક્ષક શ્રી શૈલેષ ગાયકવાડ એ જણાવ્યું હતું કે નવી શિક્ષણ નીતિ દ્વારા બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ થશે. બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તેમજ દેશ અને વિશ્વમાં તેમની કુશળતા થકી દરેક ક્ષેત્રે પ્રગતિ સાધી શકે તે માટે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ ઘડવામાં આવી છે. નવી શિક્ષણ નીતિ બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવીહોવાનું તેમણે જણાવ્યું હતું. સિલ્વરબેલ શાળાના આચાર્યશ્રી ચક્રપાણીએસ્ટરેલા એજણાવ્યું હતું કે નવી શિક્ષણ નીતિ થકી ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં વિષય પસંદગી કરવાની સુગમતા રહેશે. કોઈ વિદ્યાર્થીને સાયન્સની સાથે કોમર્સના કોઈ વિષયનો અભ્યાસ કરવો હોઈ તો પણ કરી શકે તેવી દિશામાં નવી શિક્ષણ નીતિ બનાવવામાં આવી છે. શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ બંનેમાં બહુભાષીયતાને પ્રોત્સાહન આપવામાંઆવશે. એન્જિનિયરિંગ જેવા જટિલ વિષયો અનેક ભારતીય ભાષાઓમાં ઓફર કરવામાં આવેછે. સીબીસી અને પી.આઈ.બી. નાફિલ્ડ પબ્લિસિટી ઓફિસરશ્રી દેવેન્દ્ર ત્રિવેદીએ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોને નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંગે ઊંડાણપૂર્વક ચિતાર આપવાની સાથે વિઝન, આત્મનિર્ભર ભારત માટેની નીતિ, પાયાના સાક્ષરતાના આયામો જેવા મહત્વના મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે વધુ આત્મીયતા કેળવાશે

## ભારતને વિકસિત દેશ બનાવવા નવી શિક્ષણ નીતિ ખૂબ ઉપયોગી બનશે



વડાપ્રધાનશ્રીના શ્રેષ્ઠ ભારત, સમર્થ ભારતના સંકલ્પને આ નીતિ સાર્થક કરાવશે

કમલમ્ ન્યુઝ,

નવીરાષ્ટ્રીય શિક્ષણ નીતિના ત્રણ વર્ષ પૂર્ણ થવાના અવસરને ધ્યાનમાં રાખીનેપોરબંદર કેન્દ્રીય વિદ્યાલય ખાતે પ્રેસપરિષદ યોજાઈ હતી. કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય તથા જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યએ નવીશિક્ષણ નીતિ વિશે મીડિયાના મિત્રો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પણ નવી શિક્ષણ નીતિ વિશે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. કેન્દ્રીય વિદ્યાલય જુનાગઢના આચાર્ય પવન સુથાર અને જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય શ્રી આર. કુમાવતે મીડિયાનામિત્રોને જણાવ્યુ હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શ્રેષ્ઠ ભારત, સમર્થ ભારતના સંકલ્પને આ નીતિ સાર્થક કરાવશે. નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી મુક્તિ અપાવી વિધાર્થીઓ ક્રિએટિવ દિમાગે અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે અને છેલ્લા ૩ વર્ષમા આ નીતિના હકારાત્મક પરિણામો મળી રહ્યા છે. વર્ષ-૨૦૩૦ સુધીમાં ધો-૧ થી ૧૦માં ૧૦૦ ટકા નામાંકન થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હાલમાં ૧૦ ૨ ૩ મુજબ શૈક્ષણિક માળખાનું વર્ગીકરણ છે. તેને હવે ૫ ૩ ૩ ૪ મુજબ અમલી બનાવવામાં આવ્યું છે. ઉપરાંત શાળાના વાતાવરણમા બાળકો સરળતાથી ભળી જાય તે માટે તેમને ત્રણ વર્ષ થયાથી બાલ વાટિકામાં પ્રવેશ આપવામાં આવશે. આમ, બાળક ૬ વર્ષનું થયાપછી ધો-૧માં પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ, ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરે, વાર્તા અન્ય શૈક્ષણિક ઉપકરણોનો મહત્તમ ઉપયોગ, ટેકનિકલ શિક્ષણ આપવાની સાથે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધે તે માટે આ નીતિ મહત્વની છે. ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાની રૂચી મુજબના વિષયોનો અભ્યાસ કરી શકે તેની પણ છૂટ આપવામાંઆવી છે. ભવિષ્યમાં જે ક્ષેત્રમાં તક રહેલી છે, તેવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વગેરે જેવી બાબતોના કૌશલ્યો વિદ્યાર્થીઓ શીખી શકે તેને આ શિક્ષણનીતિ હેઠળ વણી લેવામાં આવ્યાં છે. આમ, નવી શિક્ષણ નીતિમાં કૌશલ્યવર્ધન પર ભાર આપવામાં આવ્યો છે. ડિગ્રીને મહત્વ નહીં પરંતુ સ્કિલ એટલે કે આવડત પર ભાર મૂકવામાં આવ્યું છે. જેથી બેરોજગારીની સમસ્યા પણ હલ થશે. ઉપરાંત વિદ્યાર્થીઓ હિન્દી, અંગ્રેજી અને સ્થાનિક ભાષામાંપણ શિક્ષણ મેળવી શકશે. હાલમાંનવી શિક્ષણ નીતિને કેન્દ્રીય વિદ્યાલયો અને નવોદય વિદ્યાલયમાં લાગુ કરવામાં આવી છે.

જેનેતબક્કાવાર રાજ્યસ્તરે પણ લાગુ કરવામાં આવશે. જો કે, નવી શિક્ષણ નીતિની અમુક બાબતોનીઅમલવારી થઈચૂકી છે. તેમપ્ર મીડિયાનામિત્રોને જાણકારી આપતા કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય શ્રી પવનકુમારસુથાર અને નવોદય વિદ્યાલયના આચાર્ય શ્રી આર. કુમાવતે ઉમેર્યું હતું. જવાહર નવોદય વિદ્યાલય ખાતે ધો.૮ મા અભ્યાસ કરતા વિધાર્થી ઈન્દ્રજીત અને ધો. ૧૨ મા અભ્યાસ કરતી વિધાર્થિની દિપા રાવે નવી શિક્ષણ નીતિથી અભ્યાસમાં આવેલા બદલાવ અને વિદ્યાર્થીઓના વિકાસમાં તેના ફાયદાઓ જણાવ્યા હતા. આ સાથે કેન્દ્રીય વિદ્યાલય પોરબંદરના ઈન્ચાર્જ આચાર્ય નિતિકા ભારદ્વાજ, શિક્ષક ડો. દેવિલા મહેતા, મધુરી બેન, શોભા પંચાલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# KVS- NEP 2020ના અમલીકરણના ત્રીજા વર્ષની ઉજવણી



કમલમ્ ન્યુઝ,

NEP 2020 અમલીકરણની ૩જી વર્ષગાંઠની ઉજવણી કરવા માટે કેન્દ્રીય વિદ્યાલય સાબરમતીખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાંશ્રી અભિજિત પાંડા, આચાર્ય, કેવી સાબરમતી, શ્રી આરકે દીક્ષિત, આચાર્ય જેએનવીઅમદાવાદ, શ્રી અશોક રાઠી, આચાર્ય, કેવી ઓએનજીસી ચાંદખેડાએ આ ૩ વર્ષમાં NEP 2020 હેઠળ મેળવેલી સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી.

કેન્દ્રીય વિદ્યાલય સંગઠન એ શિક્ષણ મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થાછે. હાલમાં ૧૨૫૩ કેન્દ્રીય વિદ્યાલયોછે જે ૧૪ લાખથી વધુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતપૂરી કરે છે. અમદાવાદ રિજનમાં 48 KVમાં ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. NEP 2020 KVS અમદાવાદ રિજનની શરૂઆતથી જ તેનો અમલ કરવામાટે શ્રેષ્ઠપ્રયાસો કરી રહીછે. NEP માંઈચ્છામુજબ, વર્ગ થી ૦૬ વર્ષ સુધી પ્રવેશની ઉંમરનું પુનઃ સંરેખણ કરવામાં આવે છે અને આજ સુધીમાં ગુજરાતના 20 KV માંબાલવાટિકા દાખલ કરવામાં આવી છે. શાળાના પ્રથમ દિવસે વિદ્યાપ્રવેશ તરીકે વિદ્યાર્થીઓનું હૃદય પૂર્વક સ્વાગત કરવામાં આવે છે અને બાળકની પૂર્વ-સાક્ષરતા, પૂર્વ-સંખ્યા, જ્ઞાનાત્મક અને સામાજિક કૌશલ્યોને પ્રોત્સાહન આપવા માટે ૧૨ અઠવાડિયાનું મોડ્યુલ સ્વીકારવામાં આવે છે. તમામ શાળાઓ બેગ લેસ ડે સ્કીમ હેઠળ વ્યવસાયિક/કૌશલ્ય વિષયોને અનુસરી રહીછે જેમાં વિદ્યાર્થીઓ માટીકામ, સુથારીકામ વગેરે અને PM KVY 3.0 હેઠળઅનુભવ મેળવી રહ્યા છે. ગુજરાતની 14 KV એ કૌશલ્ય હબની સ્થાપના કરી છે.

વેબઆધારિત એપ્લીકેશન NIPUN લક્ષ્યો દ્વારા વર્ગ III સુધીની તમામ KV માં દેખરેખ રાખવામાં આવી રહી છે. અમદાવાદ પ્રદેશ હેઠળના KVs ના ૧૦૦% શિક્ષકોને દીક્ષા પોર્ટલ પર નિષ્ઠા અભ્યાસક્રમો હેઠળ તાલીમ આપવામાં આવે છે અને અમારી શાળાઓમાંજાદુઈ પિટારા જેવા સંસાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. અમદાવાદ જિલ્લાની ૩ કેન્દ્રીય વિદ્યાલયોને PM શ્રીશાળા તરીકે પસંદ કરવામાં આવી છે. વધુમાં, અમદાવાદ જિલ્લાની ૪ કેન્દ્રીય વિદ્યાલયોમાં ૨૦૨૩-૨૪ દરમિયાન બાલવાટિકા ૩ ખોલવામાં આવી છે.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ની ત્રીજી વર્ષગાંઠ સંદર્ભે કેન્દ્રીય વિદ્યાલય-ઈચ્છાનાથ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

## નવી શિક્ષણ નીતિથી વિદ્યાર્થીઓને ગોખણપટ્ટી નહીં કરવી પડે, કૌશલ્ય સંવર્ધનને પ્રાધાન્ય : કેન્દ્રીય વિદ્યાલય-સુરતના પ્રાચાર્ય યશદિપ રોહિલ્લા

### નવી શિક્ષણ નીતિ ભારતને વિકાસશીલ રાષ્ટ્રમાંથી વિકસિત રાષ્ટ્ર તરફ દોરી જશે : શ્રી યશદિપ રોહિલ્લા

કમલમ્ ન્યુઝ,

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને ત્રણ વર્ષ પૂર્ણ થતા ત્રણ વર્ષ દરમિયાનની શિક્ષણનીતિની સિદ્ધિઓ અને ઉદ્દેશ્યને લોકો સુધી પહોંચાડવાના ભાગરૂપે સુરતની કેન્દ્રીય વિદ્યાલય ક્રમાંકઃ૧, ઈચ્છાનાથ ખાતેકેન્દ્રીય વિદ્યાલય-સુરત અને પ્રેસઈન્ફર્મેશન બ્યુરોના સંયુક્ત ઉપક્રમે પ્રેસકોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં કેન્દ્રીય વિદ્યાલયના પ્રાચાર્યશ્રી યશદિપ રોહિલ્લાએ શિક્ષણ નીતિની તલસ્પર્શી જાણકારીઆપી હતી. તેમણે દેશની 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦' વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી મુક્તિ અપાવશે એમ જણાવતા ૧૦ ૨ ૩ ની જગ્યાએ ૫ ૩ ૩ ૪ મુજબના અભ્યાસક્રમ કેન્દ્રીય વિદ્યાલયોમાં અમલી હોવાની વિગતો આપી હતી. પ્રાચાર્યશ્રીએ મીડિયા સાથે સંવાદ કરતા વધુમાં જણાવ્યું કે, વિદ્યાર્થીઓ શિક્ષણને રચનાત્મક રીતે પ્રાપ્ત કરે અને નિયત અભ્યાસક્રમનીસાથે રૂચિ મુજબના વિષયો અને કૌશલ્યમાં મહારત હાંસલ કરે તેવી ભવિષ્યલક્ષી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. શિક્ષણનું સ્તર સુધારવા માટે સરકાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવીરહ્યા છે, જેના ભાગરૂપે બાળકો ધો.૧ થી જ મૂલ્યનિષ્ઠ અને સર્વાંગી શિક્ષણ મેળવે, શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં પણ રસ લે એ આ શિક્ષણનીતિનો પાયાનો ઉદેશ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના ત્રણ વર્ષપૂર્ણ થતાંતેના હકારાત્મક પરિવર્તનોથી અવગત કરાવતાપ્રાચાર્યશ્રીએ કહ્યુંકે, હાલમાં ૧૦ ૨ ૩ મુજબ શૈક્ષણિક પદ્ધતિના સ્થાને હવે ૫ ૩ ૩ ૪ નું નવું માળખું અમલી બનશે. હાલમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિને કેન્દ્રીયવિદ્યાલયો અનેનવોદય વિદ્યાલયમાં લાગુ કરવામાં આવીછે. જેનેતબક્કાવાર રાજ્યસ્તરે પણ લાગુ કરવામાંઆવશે. ઉપરાંત, શાળાના વાતાવરણ સાથેબાળકો અનુકૂલન સાધી શકે તેમાટે બાળકના ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ બાલવાટિકામાં તેમજ ૫ વર્ષનું થયા પછી ધો-૧માં પ્રવેશ આપવામાં આવશે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાંવિદ્યાર્થીઓ, રમત, વાર્તા, જ્ઞાનગમ્મત સાથે બે ભિન્નવિષયોને એકબીજા સાથે એકીકૃત કરી (દા.ત. હિન્દીને ગણિત સાથે જોડવી) શિક્ષણ આપવા ઉપરાંત શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે જોડાણ સ્થાપિત થાય તેવાશિક્ષણ પર ભાર આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ પોતાની રૂચિ મુજબના વિષયોનો અભ્યાસ કરી શકે તેની પણ છૂટ આપવામાં આવી છે. ભણતર પર ભાર મૂકવાથી પાઠ્યપુસ્તકોપરની નિર્ભરતાઘટશે. ઉપરાંતભવિષ્યમાં જે ક્ષેત્રમાં ઉજ્જવળ તક રહેલી છે, તેમાં ઝંપલાવવા કૌશલ્યવર્ધનને વણી લેવામાં આવ્યું છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ધો. ૧ થી ૧૦માં ૧૦૦ ટકા નામાંકન થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે એમ શ્રી રોહિલ્લાએ ઉમેર્યું હતું.તેમણે કહ્યું કે, શિક્ષણનીતિથીવિદ્યાર્થીઓમાં દક્ષતા કેળવાય અને અનુભવ આધારિત શિક્ષણ મળે તેના પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ઉપરાંત વિદ્યાર્થીઓ હિન્દી, અંગ્રેજી ઉપરાંતસ્થાનિક ભાષામાં પણ શિક્ષણ મેળવી શકશે એમ જણાવી ભારત વિકાસશીલ રાષ્ટ્રમાંથી વિકસિત રાષ્ટ્ર બનવા તરફ અગ્રેસર બનશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યોહતો. શ્રી રોહિલ્લાએ શિક્ષણ નીતિને પારદર્શક બનાવવી, ટેકનોલોજીનો બને તેટલો ઉપયોગ કરવો. સર્વગ્રાહી મૂલ્યાંકન, વિવિધ ભાષાઓ શીખવવી, બાળકોના વિચારોને સર્જનાત્મક અને તાર્કિક બનાવવાના નવી શિક્ષણનીતિના લક્ષ્યો જણાવી તેના થકી મલ્ટી ડિસીપ્લીનરી શિક્ષણની સંકલ્પના સાકાર થશે એમ ઉમેર્યું હતું. પ્રેસ કોન્ફરન્સમાં હેડમાસ્ટર રમનજીત જોહર, પી.આઈ.બી.ના મીડિયા અને કોમ્યુનિકેશન ઓફિસરશ્રી ઈન્દ્રવદનસિંહ ઝાલા, સહાયક માહિતી નિયામકશ્રી સી.એફ.વસાવા સહિત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



કેન્દ્રીય વિદ્યાલય-સુરતના પ્રાચાર્યશ્રીએ નવી શિક્ષણ નીતિની તલસ્પર્શી જાણકારી આપી

# પ્રધાનમંત્રીએ રાજસ્થાનનાં સીકરમાં વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું

## "રાજસ્થાનમાં આધુનિક માળખાગત સુવિધાઓ ઊભી કરવી એ અમારી પ્રાથમિકતા છે."

**૧.૨૫ લાખથી વધુ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રોનું લોકાર્પણ કર્યું**

**૫ નવી મેડિકલ કોલેજોનું ઉદઘાટન કરશે અને ૭ મેડિકલ કોલેજોનો શિલાન્યાસ કરશે**

**ડિજિટલ વાણિજ્ય માટેના ખુલ્લા નેટવર્ક (ઓએનડીસી) પર ૧૬૦૦ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનનું ઓનબોર્ડિંગ લોન્ચ કર્યું**

**"સરકાર યુરિયાના ભાવ બાબતે આપણા ખેડૂતોને પરેશાન નહીં થવા દે. જ્યારે કોઈ ખેડૂત યુરિયા ખરીદવા જાય છે, ત્યારે તેને વિશ્વાસ છે કે મોદીની ગેરંટી છે."**



**"આપણે બધા સમગ્ર વિશ્વમાં રાજસ્થાનના ગૌરવ અને વારસાને નવી ઓળખ આપીશું"**

**"કેન્દ્રની સરકાર ખેડૂતોની પીડા અને જરૂરિયાતોને સમજે છે"**

**પીએમ-કિસાન હેઠળ આશરે રૂ. ૧૭,૦૦૦ કરોડના ૧૪મા હપ્તાની રકમ જાહેર કરી**

**યુરિયા ગોલ્ડ - સલ્ફર કોટેડ યુરિયાનું ઉત્પાદન કરે છે**

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનનાં સીકર માં વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. આ પ્રોજેક્ટ્સમાં ૧.૨૫ લાખથી વધુ પ્રધાન મંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો (પીએમકેએસકે) દેશને સમર્પિત કરવા, યુરિયા ગોલ્ડનો શુભારંભ – સલ્ફરથીઆચ્છાદિત યુરિયાની નવીવિવિધતા ધરાવતુંયુરિયા ગોલ્ડ લોન્ચ કરવું, ડિજિટલ કોમર્સ માટે ખુલ્લા નેટવર્ક (ઓએનડીસી) પર ૧૬૦૦ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (એફપીઓ)ને ઓનબોર્ડિંગ કરવું, પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) હેઠળ આશરે રૂ. ૧૭,૦૦૦ કરોડનો ૧૪મો હપ્તો ૮.૫ કરોડલાભાર્થીઓને આપવો, ચિત્તોડગઢ, ધોલપુર, સિરોહી, સીકર અને શ્રી ગંગાનગરમાં ૫ નવી મેડિકલ કોલેજોનું ઉદઘાટન કરીને, બારાન, બુંદી, કરૌલી, ઝુંઝુનુ, સવાઈ માધોપુર, જેસલમેર અને ટોંકમાં૭ મેડિકલકોલેજો માટે શિલારોપણ કરશે તથા ઉદેપુર, બાંસવાડા, પરસાવાડા, પરપતગઢ અનેડુંગરપુર તથાકેન્દ્રીય વિદ્યાલય તિવરી, જોધપુરમાં સ્થિત ૬ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ્સનું ઉદઘાટન કરશે. કાર્યક્રમનાં સ્થળે પહોંચ્યા પછી પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રનાં મોડલ પર હાથ ફેરવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ દેશના અસંખ્ય સ્થળોએથી આજના કાર્યક્રમમાં જોડાનારા કરોડો ખેડૂતોની પ્રશંસાકરી હતીઅને કહ્યું હતું કે, ખાટુ શ્યામજીની ભૂમિ ભારતના ખૂણેખૂણેથી યાત્રાળુઓને આશ્વાસન આપે છે. તેમણે શેખાવતીની વીરતાભરી ભૂમિ પરથી વિવિધ વિકાસ કાર્યક્રમો શરૂ કરવાની તક મેળવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો તથા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) હેઠળ હપ્તાના કરોડો ખેડૂત-લાભાર્થીઓને સીધા હસ્તાંતરણનો ઉલ્લેખ કર્યો હતો. દેશમાં ૧.૨૫ લાખથી વધારે પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રોની કટિબદ્ધતા વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તેનાથી ગામડાં અને બ્લોક સ્તરે કરોડો ખેડૂતોને સીધો લાભ થશે. તેમણે ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ઓએનડીસી) પર ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (એફપીઓ)ના ઓનબોર્ડિંગનો પણ ઉલ્લેખ કર્યો હતોઅને કહ્યુંહતું કે, તેનાથી ખેડૂતોને દેશના કોઈ પણ ભાગમાંથી તેમની પેદાશો બજારમાં લઈજવામાં સરળતારહેશે. તેમણે યુરિયાગોલ્ડ, નવીમેડિકલ કોલેજો અને એકલવ્ય મોડલ સ્કૂલ શરૂ કરવાનો ઉલ્લેખ પણ કર્યો હતો. પ્રધાનમંત્રીએ ભારતની જનતાને તેમજ કરોડો ખેડૂતોને આજની વિકાસલક્ષી પરિયોજનાઓ માટે અભિનંદન પાઠવ્યા હતા. સીકર અને શેખાવતીવિસ્તારનાં ખેડૂતોનાં મહત્ત્વને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રીએ ભૂપ્રદેશની મુશ્કેલીઓ છતાં તેમની મહેનતને બિરદાવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, કેન્દ્રની વર્તમાન સરકાર ખેડૂતોની પીડા અને જરૂરિયાતોને સમજે છે. પ્રધાનમંત્રીએ સમજાવ્યું હતું કે, છેલ્લાં ૯ વર્ષમાં બીજથી બજાર (બીજથીબજાર તક) સુધી નવી વ્યવસ્થા કેવી રીતે ઊભી થઈ છે. તેમણે યાદ કર્યું હતું કે, સોઈલ હેલ્થ કાર્ડ યોજના વર્ષ ૨૦૧૫માં સુરતગઢ માં શરૂ થઈ હતી. આ યોજના દ્વારા કરોડો ખેડૂતો જમીનના સ્વાસ્થ્ય વિશેની જાણકારીના આધારે મહત્તમ નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ૧.૨૫ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો (પીએમકેએસકે) ખેડૂતોની સમૃદ્ધિનો માર્ગ પ્રશસ્ત કરશે. આ કેન્દ્રોને ખેડૂતોની જરૂરિયાત માટે વન સ્ટોપ શોપ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. આ કેન્દ્રો ખેડૂતોને કૃષિ સાથે સંબંધિત મુદ્દાઓ પર આધુનિક માહિતી પણ પ્રદાન કરશે. અને આ કેન્દ્રોમાં સરકારની કૃષિ યોજનાઓ અંગે પણ સમયસર માહિતી આપવામાં આવશે. પ્રધાન મંત્રીએ ખેડૂતોને કેન્દ્રોની મુલાકાત લેતા રહેવાની અને ત્યાંઉપલબ્ધ જ્ઞાનનો લાભ લેવાની સલાહ આપી હતી. પ્રધાનમંત્રીએ જાણકારીઆપી હતી કે, વર્ષનાં અંત સુધીમાં વધારાનાં ૧.૭૫ લાખ પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો (પીએમકેએસકે) સ્થાપિત કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, હાલની સરકાર ખેડૂતોનાં ખર્ચને ઘટાડવા અને જરૂરિયાતનાં સમયે તેમને સાથસહકાર આપવા તમામ પ્રયાસો કરી રહી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએકહ્યુંહતું કે, આ દુનિયાની સૌથી મોટી યોજના છે, જ્યાં ખેડૂતોનાં બેંક ખાતાઓમાં ભંડોળ સીધું હસ્તાંતરિત થાય છે. તેમણે માહિતી આપી હતી કે, જો આજનો ૧૪મો હપ્તો સામેલ કરવો હોય તો અત્યાર સુધીમાં ૨ લાખ ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધુ સીધા ખેડૂતોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, જે વિવિધ ખર્ચાઓને આવરી લેવામાં ખેડૂતોને ફાયદાકારક સાબિત થયા છે. તેમણે કહ્યું હતું કે, દેશમાં યુરિયાની કિંમત દ્વારા સરકાર ખેડૂતોનો ખર્ચ બચાવે છે તેનું ઉદાહરણ છે. કોરોના વાયરસ રોગચાળો અને રશિયા-યુક્રેન યુદ્ધનો ઉલ્લેખ કરીને, જેના કારણે ખાતરનાક્ષેત્રમાં ભારે વિક્ષેપ પડ્યો હતો, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વર્તમાન સરકારે આને દેશના ખેડૂતો પર અસર થવા દીધી નથી. ખાતરની કિંમતો વિશે વાત કરતાં પ્રધાન મંત્રીએ માહિતી આપીહતી કે, ભારતમાં યુરિયાની જે થેલીની કિંમતરૂ. ૨૬૬ છે, તેની કિંમત પાકિસ્તાનમાં આશરે રૂ. ૮૦૦, બાંગ્લાદેશમાં આશરે રૂ. ૭૨૦, ચીનમાંઆશરે રૂ. ૨૧૦૦ અને અમેરિકામાં આશરે રૂ. ૩,૦૦૦ છે. "સરકાર યુરિયાના ભાવ સંદર્ભે આપણા ખેડૂતોને પરેશાન નહીંથવા દે." શ્રી મોદીએ કહ્યું હતું કે, "જ્યારે કોઈ ખેડૂત યુરિયા ખરીદવાજાય છે, ત્યારે તેને વિશ્વાસછે કે તે મોદીની ગેરંટી છે." પ્રધાનમંત્રીએ બાજરીને પ્રોત્સાહન આપવા અને શ્રી અન્ન તરીકે બાજરીનાં બ્રાન્ડિંગ જેવા પગલાં વિશે વાત કરીહતી. તેમણે કહ્યું હતું કે, શ્રી અન્નને પ્રોત્સાહન આપવાના માધ્યમથી તેનુંઉત્પાદન, પ્રોસેસિંગ અને નિકાસમાંવધારોથઈરહ્યોછે. તેમણે તેમની તાજેતરની મુલાકાત દરમિયાન વ્હાઈટ હાઉસના સત્તાવાર રાત્રિભોજનમાં બાજરીની હાજરીને યાદ કરી. પ્રધાનમંત્રીએ કહ્યુંહતુંકે, "ભારતનોવિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે ભારતનાં ગામડાંઓનો વિકાસ થાય. ભારત માત્ર વિકસીત ગામો સાથે જ વિકસિત થઈ શકે છે. એટલા માટે સરકાર ગામડાઓમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધકરાવવાનું કામ કરીરહી છે, જે અત્યાર સુધી માત્ર શહેરોમાં જ ઉપલબ્ધ હતી." સ્વાસ્થ્ય સાથેસંબંધિત માળખાગત સુવિધાઓનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, રાજસ્થાનમાં ૯ વર્ષ અગાઉ સુધી ફક્ત ૧૦ મેડિકલ કોલેજો હતી. આજે આ સંખ્યા ૩૫ પર પહોંચી ગઈ છે. આનાથી નજીકના વિસ્તારોમાં તબીબી સુવિધાઓમાં સુધારો થઈ રહ્યો છે અને તબીબી વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની તકોમળી રહીછે. તેમણે જણાવ્યું હતું કે, આજે મેડિકલ કોલેજોનું ઉદઘાટન થઈ રહ્યુંછે અને જેનો શિલાન્યાસ થઈ રહ્યો છે, તેનાથી રાજ્યનાં ઘણાં વિસ્તારોમાં તબીબી માળખાગત સુવિધાઓમાં સુધારો થશે. તબીબી શિક્ષણને સુલભ બનાવવામાંઆવી રહ્યું છે, ત્યારે પ્રધાનમંત્રીએ માતૃભાષામાં તબીબી શિક્ષણ પ્રદાન કરવા, તેનું વધુ લોકશાહીકરણ કરવા અને વંચિત વર્ગો માટે માર્ગો ખોલવાનાં પગલાંનો પણ ઉલ્લેખ કર્યો હતો. "હવે કોઈ પણ ગરીબનો પુત્રકે પુત્રી અંગ્રેજી ન જાણતી હોવાને કારણે ડૉક્ટર બનવાની તકથી વંચિત રહેશે નહીં. આ પણ મોદીની ગેરંટી છે." પ્રધાનમંત્રીએકહ્યુંહતુંકે, દાયકાઓ સુધી ગામડાંઓમાં સારી શાળાઓ અને શિક્ષણનાંઅભાવે ગામડાંઓ અને ગરીબ લોકો પણ પાછળ રહી ગયાછે. તેમણેદુ:ખ વ્યક્તકર્યું હતું કે, પછાત અને આદિવાસી સમાજનાં બાળકો પાસે તેમનાં સ્વપ્નો સાકાર કરવા માટે કોઈ સાધન નથી. શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો હતો કે, વર્તમાન સરકારે શિક્ષણ માટે બજેટ અને સંસાધનોમાં વધારો કર્યો છે તથા એકલવ્ય નિવાસી શાળાઓ ખોલી છે, જેનાથી આદિવાસી યુવાનોને મોટો લાભ થયો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જ્યારે સ્વપ્નો મોટાં હોય, ત્યારે જ સફળતા મોટી થાય છે." રાજસ્થાનએક એવુંરાજ્ય છે, જેની ભવ્યતાસદીઓથી દુનિયાને મંત્રમુગ્ધ કરી રહી છે તેની નોંધ લઈને પ્રધાનમંત્રીએ રાજસ્થાનને આધુનિક વિકાસની ટોચ પર લઈ જવાની સાથે-સાથે આ દેશના વારસાને જાળવવા પર ભાર મૂક્યો હતો. એટલે જ પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, રાજસ્થાનમાં આધુનિક માળખાગત સુવિધાઓ ઊભી કરવાની અમારી પ્રાથમિકતા છે. તેમણે છેલ્લાકેટલાક મહિનાઓમાં બે હાઈટેક એક્સપ્રેસવેના ઉદઘાટનનોઉલ્લેખ કર્યોહતો અને કહ્યુંહતુંકે, રાજસ્થાન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે અને અમૃતસર-જામનગર એક્સપ્રેસવેના મોટા વિભાગ મારફતે વિકાસની નવી ગાથા લખી રહ્યું છે. તેમણે રાજ્યમાંથી ચલાવવામાં આવી રહેલીવંદે ભારતએક્સપ્રેસ ટ્રેનનો પણ ઉલ્લેખકર્યો હતો. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, સરકાર માળખાગત સુવિધાઓ અને પ્રવાસનને લગતી સુવિધાઓ વિકસાવવા માટે રોકાણ કરી રહી છે, જેનાં પરિણામેરાજસ્થાનને પણ નવી તકોમળશે. તેમણેજણાવ્યું હતું કે, "જ્યારે રાજસ્થાન 'પધારો મ્હારે દેશ' બોલાવશે ત્યારે એક્સપ્રેસવે અને વધુ સારી રેલવે સુવિધાઓ પ્રવાસીઓનું સ્વાગત કરશે." પ્રધાનમંત્રીએ સ્વદેશદર્શન યોજના હેઠળ ખાટુ શ્યામજી મંદિરમાં સુવિધાઓના વિસ્તરણ અંગે પણ વાત કરી હતી અને શ્રી ખાટુ શ્યામના આશીર્વાદથી રાજસ્થાનનો વિકાસ વધુ વેગ પકડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શ્રી મોદીએજણાવ્યું હતું કે, "આપણે સૌ સમગ્ર વિશ્વમાં રાજસ્થાનના ગૌરવ અને વારસાને નવી ઓળખ આપીશું." પ્રધાનમંત્રીએ રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોત કે જેઓ છેલ્લા કેટલાક સમયથી બીમાર છે અને આ કાર્યક્રમમાં આવી શક્યા નથી, તેમને સારા સ્વાસ્થ્યની કામના સાથે અંત વાત પૂરી કરી હતી.

રાજસ્થાનના રાજ્યપાલ શ્રી કલરાજ મિશ્રા, કેન્દ્રીય કૃષિ અને ખેડૂતકલ્યાણ મંત્રીશ્રી નરેન્દ્ર સિંહ તોમર, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખ માંડવિયા, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીશ્રી અર્જુનરામ મેઘવાલ તથા કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી કૈલાશ ચૌધરી સહિત અન્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાહતા.



કમલમ્ન્યુઝ,મકબુલ હુસેન
પોશીના ખાતે સ્વામી નારાયણ હોલ ખાતેભારતીય જનતા પાર્ટી ની પરીચય બેઠક મળીજેમાં સાબરકાંઠા જીલ્લા પ્રભારી શ્રી ગજેન્દ્રભાઈ સક્સેના સાહેબ મહામંત્રી કનુભાઈ પટેલ જયેશભાઈ પટેલ રવિન્દ્ર ભાઈ બારોટ ખેડબ્રહ્મા ના પુર્વ ધારાસભ્ય શ્રી અશ્વિનભાઈ કોટવાલ જીલ્લા પંચાયત પ્રમુખ ધીરુભાઈ પોશીના પ્રભારી નટવર સિંહ ભાટી સાહેબ ચુટાયેલા જીલ્લા તાલુકા પંચાયત સદસ્યો અને સંગઠન ના પદાધીકારી ઓ અને અપેક્ષીત કાર્યકરોઉપસ્થીત રહ્યા


# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે સ્લોવાકિયા ગણરાજયના પદનામિત ભારતીય રાજદૂત શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવ



કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવે ગાંધીનગર માં લીધી હતી. શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવ યુરોપીય મહાદ્વિપના રાષ્ટ્ર સ્લોવાકિયા રિપબ્લીક ખાતે ભારતીય રાજદૂત તરીકે નિયુક્ત થયેલા છે. તેમણે આ પદભાર સંભાળતા પૂર્વે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાંભારત અને સ્લોવાકિયાના દ્વિપક્ષીય સંબંધો અને આર્થિક સમૃદ્ધિ વધે તેવા પ્રયાસો માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલે શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવને શુભેચ્છાઓ પાઠવતાંઅનુરોધ કર્યો હતો. આગામી જાન્યુઆરી-૨૦૨૪માંયોજાઈરહેલીવાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સ્લોવાકિયાનુંહાઈલેવલ બિઝનેસ ડેલીગેશન પણ જોડાય તે માટે તેમના સહયોગની અપેક્ષા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી હતી. અત્રે નિર્દેશ કરવોજરૂરી છે કે, ૨૦૧૯ના વર્ષથી શ્રીમતી અપૂર્વા શ્રીવાસ્તવ ટોરેન્ટોમાં ભારતના કોન્સ્યુલજનરલના પદ પર સેવાઓ આપતા રહ્યા છે. હવે તેમની નિયુક્તિ સ્લોવાકિયામાં ભારતીય રાજદુત તરીકે થઈ છે. એટલુંજ નહીં, તેમનીબે દાયકાની રાજદ્વારીકારકિર્દીમાંતેમણે પેરિસ અન કાઠમંડુમાં પણ ભારતીય દુતાવાસમાં સેવાઓ આપેલી છે. આ સૌજન્ય મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવશ્રી રાજકુમાર, અને ઉદ્યોગ વિભાગના અધિકમુખ્ય સચિવશ્રી એસ. જે. હૈદર પણ જોડાયા હતા.

# નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગાંધીનગર ખાતે સેમિકોન ઈન્ડિયા-૨૦૨૩ અંતર્ગત આયોજિત પ્રદર્શનની લીધી મુલાકાત

**સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ અને અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહ પરમારે પણ પ્રદર્શન નિહાળ્યું**





કમલમ્ ન્યુઝ,
ભારત સરકાર દ્વારા ગુજરાતના ગાંધીનગર ખાતે સૈમિકોન ઈન્ડીયા-૨૦૨૩નું આયોજન કરવામાંઆવ્યુંછે, જેનો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૮મી જુલાઈના રોજ શુભારંભ કરાવશે. આકાર્યક્રમના શુભારંભ પૂર્વે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈપટેલે સૈમિકોનઈન્ડિયા અંતર્ગતમહાત્મા મંદિર-ગાંધીનગર ખાતેઆયોજિત પ્રદર્શનનોગત તા. ૨૫મી જુલાઈના રોજ શુભારંભ કરાવ્યો હતો. ગત બે દિવસ દરમિયાન અનેક લોકોએ આ પ્રદર્શન નિહાળ્યું છે. આ ઉપરાંત આજ તા. ૨૭મી જુલાઈના રોજ ગુજરાત સરકારના મંત્રીમંડળના સભ્યોએ પણ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. મહાત્મા મંદિરના પ્રદર્શન હોલખાતે રાજ્યના નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, આદીજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતીતેમજ અન્નઅને નાગરીક પુરવઠા રાજ્ય મંત્રીશ્રી ભીખુસિહ પરમારે એક્ઝીબીશનની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન મંત્રીશ્રીઓએ માઈક્રોન, ઈસરો, ઝછઢઈદ્વઝઈ સહિતની અન્ય સેમિકન્ડકટર કંપની ઉપરાંત ગુજરાત રાજ્ય દ્વારા રાખવામાં આવેલા વિવિધસ્ટોલ્સનું અવલોકન કરી પ્રદર્શન માણ્યા હતા. તેમણે પ્રદર્શન નિહાળવા આવેલા વિદ્યાર્થીઓ સાથેપણ વાતચીત કરી હતી અને વડાપ્રધાનશ્રીના વરદહસ્તે ૨૮મી જુલાઈના રોજ યોજાનાર સમારોહની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ પણ કર્યુંહતું.

# અંકલેશ્વરમાં દશામાંનું ભક્તિમય માહોલ માં વિસર્જન કરાયું

**જાગરણ બાદ ભક્તોએ વાજતે ગાજતે માં ને વિદાય આપી : ક્લીન ભરૂચ ક્લીન નર્મદાના સભ્યોએ ભક્તો પાસે સાડા ચાર થી પાંચ ટન પુજાપો એકત્ર કર્યો**



કમલમ્ ન્યુઝ, નરેન્દ્ર પટેલ
અંકલેશ્વરમાં ભક્તો દ્વારા દસ દિવસમાં દશામાંની સ્થાપના કરીને પૂજા-અર્ચના અને આરાધના કર્યા બાદ ગુરુવારે વહેલી સવારે શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરાયું હતું. ભક્તોએ શહેરમાં નર્મદા નદીમાં, ગામ તથા નગરોમાં સ્થાપના કરેલી નાની, મોટી પ્રતિમા ને વાજતે- ગાજતે, શ્રદ્ધાપૂર્વક તળાવ નહેરમાં વિસર્જિત કરવામાં આવી હતી. અંકલેશ્વર શહેરમાં ભાવિક ભક્તો દ્વારા માં દશામાંની પ્રતિમા નું સ્થાપન કરાયું હતું. દસ દિવસના વ્રત ની પૂર્ણાહૂતિ સાથે દશામાંની પ્રતિમા ને રંગેચંગે વિદાય અપાઈ હતી. અંકલેશ્વર નગરમાં ઘરે ઘરે શ્રધ્ધાળુઓએ રાત્રીજાગરણ કરીને ઉજવણી કરીહતી જ્યારે ગુરુવારે વહેલી સવારે ટ્રેક્ટર, ટેમ્પો જેવા વાહનો સાથે નદી, તળાવ, નહેર ખાતે વાજતે ગાજતે દશામાંની પ્રતિમા નું વિસર્જન કરાયું હતું. આ સમયે જય દશામાં નારા સાથે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. પરિવાર સાથે આવેલા નાના-મોટા યુવાનોએમાતાજીની આરતી ઉતારી ને પરિવાર ખુશ રહે એવી પ્રાર્થના કરી હતી. દસ દિવસના ભક્તિભાવ સાથે આતિથ્ય માણ્યા બાદ દશામાની વાજતે ગાજતે શ્રદ્ધાળુઓપૂરા ભાવથીવિદાય કરી હતી. શહેરમાં વિસર્જનમાં કોઈ અનિચ્છનીય બનાવન બને તે માટે પોલીસ બંદોબસ્ત અને અંકલેશ્વર પાલિકાના ફાયરવિભાગના જવાનો ખડેપગે હાજર રહ્યા હતા. જોકે ભરૂચ જિલ્લામાં સ્વચ્છતા માટે કાર્યરત ક્લીન ભરૂચક્લીન નર્મદા ના જય કિશન પરમાર અને કાર્યકર્તાઓ દ્વારાદરેક તહેવારોમાં નર્મદા નદી પ્રદુષિત ન બને તે માટે વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. તેના દ્વારા ભાવિક ભક્તો સાથે લાવતા ફુલહાર સહિતની વસ્તુઓ ભાવિકભક્તો પાસેથી મેળવી ને અંદાજે સાડા ચાર થી પાંચ ટન જેટલોપૂજાપાની વસ્તુઓ એકત્ર કરી હતી.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028